SHRI RAM CHANDRA MISSION®
# ઈન્ડીયા ન્યુઝલેટર
માર્ચ 2008 અંગત પ્રકાશન માટે વર્ષ 1 અંક 2

પ્રિય ભાઈઓ અને બહેનો,
પ્રણામ.

ન્યુઝલેટરના પહેલા અંકનો, આંજી દે એવો પ્રતિસાદ અમે મેળવ્યો, એ બદલ આભાર. કૃપા કરીને તમારો અભિપ્રાય અને સૂચનો અમને મોકલો કારણ કે ન્યુઝલેટરની ગુણવત્તા સુધારવા માટે એ ઘણું અગત્યનું છે. પૂ.માસ્ટરનો હૈદ્રાબાદનો પ્રવાસ, વસંતની ઉજવણી અને કોલકાતા આશ્રમનો લેખ, એ આ અંકના કેટલાંક આકર્ષક વિભાગો છે.

મે મહિનાના અંક માટેના, સમાચાર અને લેખો સ્વીકારવાની છેલ્લી તારીખ, ૧૫મી એપ્રિલ, ૨૦૦૮ છે. મહેરબાની કરીને, સમાચારના લખાણ સાથે પ્રસંગના ફોટા, તમારા ઝોન-ઈન-ચાર્જ મારફતે મોકલી આપશો.

શુભેચ્છાઓ,
ખંત્રીઓ.



## ચે ન્નાઈ ખાતે થયેલી પોંગલની ઉજવણી



પોંગલ દક્ષિણ ભારતનો મોટો ઉત્સવ છે, પારંપરિક રીતે તેને લણણી વખતે ઉદ્દવવામાં આવે છે. લણણી સાથે સમૃધ્ધિ સંકળાયેલી છે અને આ ઉત્સવ ભાવનાનો છે. આ સમય દરમિયાન, માસ્ટર ચે ન્નાઈ હોવાની અપેક્ષાથી દેશભરમાંથી અભ્યાસીઓ પોંગલની ઉજવણી માટે આવ્યા હતા.

પોંગલના આગલા દિવસે, સવારના સત્સંગ પછી, પૂ.માસ્ટરે બે ઓડિયો સીડીનું વિમોચન કર્યું હતું.

પોંગલના દિવસે ચાર હજારથી વધારે અભ્યાસીઓ ઉજવણી માટે હાજર રહેલા, જેમની સાથે માસ્ટરે સવારના સત્સંગનું સંચાલન કર્યું હતું. સાંજે ભાઈ શશાંકે બાંસુરીવાદનનો કાર્યક્રમ રજૂ કર્યો હતો, જેમાં પૂ.માસ્ટર હાજર રહ્યા હતા અને તેમણે તે ખૂબ આનંદ સાથે માણ્યો હતો.

## હૈદ્રાબાદમાં પૂ.માસ્ટર



પોંગલની ઉજવણી પછી, માસ્ટરે કોલકાતા અને હૈદ્રાબાદનો ટૂંકા ગાળાનો પ્રવાસ કર્યો હતો. એમણે ૧૮થી ૨૫મી જાન્યુઆરી સુધી કોલકાતાની અને ૨૫થી ૨૮ જાન્યુઆરી સુધી હૈદ્રાબાદની મુલાકાત લીધી હતી.



હૈદ્રાબાદમાં પૂ.માસ્ટરને થુમુકુન્ટાના આશ્રમ પર લઈ જવામાં આવ્યા હતા, જ્યાં હજારો અભ્યાસીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. ૨૭મીને રવિવારે સવારે, સત્સંગ પછી તેમણે ચાર લગ્નો કરાવ્યા હતા અને "ચિલ્ડ્રન સેન્ટર"ના મકાનની આધારશિલા સ્થાપી હતી. માસ્ટરે હાજર રહેલાં બાળકો સાથે વાર્તાલાપ કરતાં બાળકોને સારી રીતે ભણવા, સત્યવક્તા તથા આગ્નાંકિત બનવા કહ્યું હતું અને તેમણે બાળકોને સમજાવ્યું હતું કે સૌને પ્રેમ કરવો જોઈએ.



પૂ.માસ્ટર સંપૂર્ણ સ્વસ્થ અને ખુશ હતા અને રોજ, કોટેજની બહાર દરરોજ લગભગ એક કલાક જેટલા સમય માટે અભ્યાસીઓની સાથે બેસતા હતા, અને સહજ માર્ગ સાધનાનાં મહત્વનાં, વિવિધ પાસાંઓ પર સ્પષ્ટિકરણ પૂરું પાડતા હતા.
પૂ.માસ્ટર હૈદ્રાબાદથી ૨૮મીની સાંજે પાછા ફર્યા હતા. તેમને સીધા મણપાકકમમાં બાબુજી મેમોરિયલ આશ્રમમાં લઈ જવામાં આવ્યા હતા.

## ચે ન્નાઈમાં બસંત

આપણા આદિગુરુ પૂ.લાલાજી મહારાજનો મુખ્ય ઉત્સવ, ચે ન્નાઈમાં ઉજવવામાં આવ્યો હતો. વસંત પંચમીના આગલા દિવસે, સવારનો સત્સંગ માસ્ટરે કરાવ્યો હતો અને ૧૨ લગ્નો કરાવ્યા હતા. લગભગ ૩૫૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. વસંતના શુભ દિવસે, માસ્ટરે સવારે સત્સંગ કરાવ્યો હતો. વસંતપંચમીના દિવસે ૪૦૦૦થી વધારે અભ્યાસીઓ આશ્રમમાં હાજર રહ્યા હતા. સાંજનો સત્સંગ ભાઈ અજય ભટ્ટે કરાવ્યો હતો. બહેન પ્રિયંકા રમણે કર્ણાટકી ગીત-સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો




પૂ.માસ્ટરે "કરોળિયાનું જાળું" વોલ્યુમ-૩ના ક ન્નડ અનુવાદનું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે, "કરોળિયાનું જાળું"ના ત્રણેય વોલ્યુમના ભાષાંતરનું કાર્ય પોતાને ફાળવવા બદલ બેંગલોરના ભાઈ વાય.કે વિશ્વનાથને પોતાની કૃતજ્ઞતા દર્શાવી હતી.

## સતખોલ-૨૦૦૮ની સમર બેચીઝ

અમને જણાવતાં આનંદ થાય છે કે, ૨૦૦૮ના વર્ષની ઉનાળાની બેચ [બેચ ૨૨૦ થી ૨૩૧] ના અરજીપત્રો હવે ઓનલાઈન પર ઉપલબ્ધ છે.
http://www.srcm.info/satkhol/satkhol_home.htm
મહેરબાની કરીને નોંધ લેશો કે જે બેચની નોંધ મૂકાઈ છે, તે સિવાયની બેચ માટે અરજી કરવી શક્ય નથી. વહેલા-તે-પહેલાના ધોરણે, અરજીપત્રોની પ્રક્રિયા આગળ વધશે. જો તમારી પાસે ઈન્ટરનેટની સગવડ ન હોય તો કૃપા કરીને તમારા સેન્ટર-ઈન-ચાર્જનો સંપર્ક કરો. કૃપા કરીને, અરજીપત્રક ભરતાં પહેલાં, માર્ગદર્શન સૂચિ કાળજીપૂર્વક વાંચી લેશો.
જેમની પાસે ઈન્ટરનેટની સગવડ ના હોય, તેઓ મદદ માટે એમના સેન્ટર-ઈન-ચાર્જનો સંપર્ક કરી શકે છે. પૂછપરછ માટે તમે સતખોલ એડમીનીસ્ટ્રેશન ઓફિસનો સંપર્ક પણ કરી શકો છો. ફોન નંબર છે: +૯૧ ૪૪ ૨૨૫૨ ૧૦૯૯ અથવા +૯૧ ૪૪ ૪૨૧૭ ૧૧૧૧; એક્સ્ટેન્શન-૨૧૮, સમય: સવારે ૧૦ થી ૧૨ અથવા બપોરે ૩ થી ૪:૩૦.

## હી, હુક્કા એન્ડ આઈ

ઘણાં અભ્યાસીઓની વિનંતીને ધ્યાનમાં લઈને અને પૂ.માસ્ટરની સંમતિથી, આ ડીવીડી સેટને બીજીવાર તૈયાર કરવાની પ્રક્રિયા ચાલુ થઈ છે. નવો સ્ટોક આવતાંની સાથે જ એની વહેંચણી શરૂ કરવામાં આવશે.

જે અભ્યાસીઓને આ વિશેષ પ્રકાશન માટે ફાળો નોંધાવવાની ઈચ્છા હોય, એ કૃપા કરીને તેમના સ્થાનિક સેન્ટર-કો-ઓર્ડિનેટરનો સંપર્ક કરે. જો તમારે વધારે સ્પષ્ટીકરણની જરૂર હોય તો કૃપા કરીને નીચેના ઈમેલ પર સંપર્ક કરશો. Whq.publications@srcm.org

## ''હી, હુક્કા એન્ડ આઈ'' કન્નડમાં

''હી, હુક્કા એન્ડ આઈ''નું કન્નડ ભાષામાં ભાષાંતર કરીને પુસ્તકના રૂપમાં પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેનાથી કન્નડભાષી અભ્યાસીઓને એનો લાભ મળી શકે. આ પુસ્તક સવિશેષ હોવાથી અને એક જ વાર પ્રકાશિત કરવાનું હોવાથી, કોર્પસ મેમ્બર્સને આપવામાં આવશે નહીં. ૨૪ જુલાઈ, ૨૦૦૮ના હવે પછી આવનારા, આપણા માસ્ટરના જન્મોત્સવ દરમિયાન તેને જાહેર કરવામાં આવશે.
પુસ્તકની કિંમત રૂા.૨૦૦/- રાખવામાં આવી છે અને એ મૂલ્ય અગાઉથી નોંધાવાની છેલ્લી તારીખ ૩૦ એપ્રિલ ૨૦૦૮ છે. જે લોકો ૧લી મે અથવા તે પછી નોંધાવશે, તેમના માટે પુસ્તકની કિંમત રૂા.૩૦૦/- રહેશે.

## પૂ.માસ્ટરના ૮૧મા જન્મોત્સવની ઉજવણી

લખનૌ, ઉત્તરપ્રદેશ, ભારત. જુલાઈ ૨૩, ૨૪, ૨૫, ૨૦૦૮.

આ આનંદદાયક પ્રસંગને ફરીથી લખનૌ શહેરમાં ઉજવવા માટે આપણે ભાગ્યશાળી બન્યા છીએ. અહીં આપણે પૂ.માસ્ટરની ૮૧મા જન્મજયંતિનો માંગલિક અવસર ઉજવવા ભેગા થવાના છીએ. તેમની દિવ્ય ઉપસ્થિતિમાં હાજર રહેવાનું સદભાગ્ય આપણને સાંપડશે.

બધાં જ અભ્યાસીઓ વતી, સેલીબ્રેશન કમિટિ આ અદભુત તક આપવા બદલ, આપણા પૂ.માસ્ટરનો આભાર માને છે અને આશા રાખે છે કે આ ઉત્સવમાં મોટી સંખ્યામાં અભ્યાસીઓ ભાગ લેશે.

આ ઉત્સવ, શ્રી રામચંદ્ર મિશન અને સહજ માર્ગ સ્પીરીચ્યુઅલ ફાઉન્ડેશન હેઠળ રાખવામાં આવ્યો છે. બધા જ અભ્યાસી ભાઈબહેનોને આ ભવ્ય ઉત્સવમાં હાજર રહેવા અને પૂ.મલિકના પ્રેમ અને કૃપાના ભાગીદાર થવા આમંત્રણ આપવામાં આવે છે.

આપના સ્નેહાધીન,
-આપના પ્રેમાળ સેલીબ્રેશન કમિટિના સભ્યો.

ઉત્સવને લગતી વિગતવાર માહિતી માટે કૃપા કરીને તમારા સ્થાનિક સેન્ટર અથવા પ્રશિક્ષકનો સંપર્ક કરો. આ ઉત્સવ માટેના પરિપત્ર, ફોર્મ અને માહિતી મિશનની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.
Http://www.srcm.org/members/24july2008/index.jsp

## નવી એમપીઉ સીડી જાહેર કરાઈ




તાજેતરમાં નીચેની એમપીઉ સીડી જાહેર કરવામાં આવી છે. તે ઓડીયો વિડિયો કોર્પસ મેમ્બર્સને એમના સેન્ટર-કોઓર્ડીનેટર મારફતે ઉપલબ્ધ થશે.
ભારતમાં, ચેન્નઈમાં, મણપક્કમમાં, બાબુજી મેમોરિયલ આશ્રમમાં આવેલા બુકસ્ટોરમાંથી, વેચાણ માટે તે ઉપલબ્ધ છે. અથવા તેને તમારા સેન્ટર-કોઓર્ડીનેટર દ્વારા પણ મેળવી શકાશે.

૧. માસ્ટરનાં વકતવ્યોનો સંગ્રહ, એમપીઉ સીરીઝ, વોલ્યુમ-૫, ૧૯૮૯
૧૯૮૯ દરમિયાન માસ્ટરની ભારત અને યુરોપ તેમજ યુએસએની મુલાકાતો દરમિયાન આપેલાં ૨૭ વકતવ્યોનો તેમાં સમાવેશ છે.

૨. હાર્ટ સ્પીક ૨૦૦૫
૨૦૦૫ દરમિયાન ભારત અને યુએસએ અને ડેન્માર્કની માસ્ટરની મુલાકાત દરમિયાન તેમણે આપેલાં ૨૨ વકતવ્યોનો તેમાં સમાવેશ છે.

## ૨૦૦૮ જાન્યુઆરીનો કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સનો અંક




તાજેતરમાં ૨૦૦૮ની આવૃત્તિનો કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સનો પહેલો અંક, જાહેર કરવામાં આવ્યો છે. હાલમાં લવાજમ ભરેલું હોય એ સભ્યોને તે વહેંચવામાં આવ્યો છે.

## નેવેલી ખાતે ઓપન હાઉસ




નેવેલી એ નેવેલી લીગ્નાઈટ કોર્પોરેશન (એનએલસી)નું સ્થળ છે. જે મોટા પાયે જાહેર–કાચા–કોલસાનું ઉત્પાદન કરે છે અને તામિલનાડુના વિજપુરવઠા માટેના હિસ્સાનું ઉત્પાદન કરે છે. એનએલસીમાં કાર્યરત લગભગ ૧૮૦૦૦ કામદારોને વસાવવા માટે નેવેલીમાં રહેવા માટેનાં ક્વાર્ટર્સ બનાવેલાં છે. આ કોલોનીનું શાંત અને નિરાંતવાળુ જીવન સ્થાનિક લોકોને તેમની સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં ભાગ લેવાનું સરળ કરે છે. બંને પક્ષે સ્વીકારેલા આ વાતાવરણમાં, એની નવાઈ નથી કે છેલ્લાં થોડાં વર્ષોથી, ઝડપથી વિકસી રહેલી ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃતિઓનું આ નગર સાક્ષી રહ્યું છે.

SRCMના લગભગ ૫૦ અભ્યાસીઓ દર રવિવારે સત્સંગમાં ભાગ લેવા નેવેલી ખાતે એક શાળામાં ભેગા મળે છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૮, શનિવારના રોજ, તેલુગુ સમિતિ ખાતે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અભ્યાસીઓએ એમના મિત્રો અને સંબંધીઓને આમંત્રિત કર્યા હતા.

સહજ માર્ગ પધ્ધતિ આપણને શું આપી શકે છે, તે વિષય પર ભાઈ સી. રાજગોપાલને તમિલમાં લગભગ ૫૦ મિનિટનું વકતવ્ય આપ્યું હતું. જેમાં સહજ માર્ગનાં અજોડ પાસાં, કે જે સહજમાર્ગને અસરકારક બનાવે છે, જેમ કે સફાઈ, પ્રાણાહુતિ અને હયાત ગુરૂદેવની મદદ તથા માર્ગદર્શન વિશે માહિતી આપી હતી. શ્રોતાઓ દ્વારા જીવનને અનુલક્ષીને અને સહજ માર્ગ પધ્ધતિને કેન્દ્રમાં રાખીને પ્રશ્નો પણ પૂછાયા હતા. એ જ બતાવે છે કે આ સંમેલનને કેટલું આવકારવામાં આવ્યું હતું. આત્મવિશ્વાસ, નિર્ણય અને અંત:દષ્ટિનું ઊંડાણ તથા પ્રશ્નોના જવાબ આપવાનો વકતાનો અનુભવ, આ સંમેલનનો આકર્ષક હિસ્સો હતો. સંમેલન માટે જે લોકો આવ્યા હતા તેમાંની લગભગ ૪૦ વ્યક્તિઓએ એજ દિવસે સાંજે અભ્યાસની શરૂઆત કરી હતી. એ નોંધ લેવી પ્રોત્સાહજનક છે કે જ્યારે મુલાકાતી સભ્યો સાંજે જમવા ગયા, ત્યારે એ બધાજ એમની પહેલી સીટીંગ લેવા પાછા આવ્યા હતા અને રાતના મોડે સુધી પોતાનો વારો આવવાની રાહ જોતા રહ્યા હતા. કોલસાની ખાણના આ નગરમાં, સુસંગઠિત થયેલા આ પ્રસંગે મળેલા, સહાનુભૂતિવાળા પ્રતિસાદથી, અમારી આશામાં નવો સંચાર થયો છે કે વધારે ને વધારે માનવ–હૃદયો, હીરાની જેમ ચમકવાની વિકટ ઈચ્છા ધરાવવા લાગ્યાં છે
.

શ્રી રામ રાઘવેન્દ્રન, ચે ન્નાઈ.


## લાંબા સમય માટે VBSE ઈમ્પ્લીમેન્ટેશન પ્રોગ્રામ

### બેંગલોરની એર ફોર્સ સ્કૂલ(૨૦૦૬–૨૦૦૮)

બેંગલોરની VBSE ટીમે, શહેરમાં કેટલીક શાળાઓમાં એક દિવસના VBSE તાલીમ કાર્યક્રમનું સંચાલન કર્યા પછી, લાંબા સમય માટે, એનો અમલ કરવાનો કાર્યક્રમ ઘડવાનું શરૂ કર્યું હતું. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ, બંનેનો સક્રિય ભાગ જરૂરી હતો.

બેંગલોરની એર ફોર્સ સ્કૂલ (ASTE)માં VBSEનો કાર્યક્રમ ૨૦૦૬માં શરૂ કરવામાં આવ્યો હતો. એક અભ્યાસીના પ્રયત્નને કારણે તે શરૂ થયો હતો, એ અભ્યાસી તે શાળામાં અંગ્રેજીનો શિક્ષક હતો. પરિચયના કાર્યક્રમ પછી અને અનુવર્તી સંપર્ક પછી, ધોરણ ૩ થી ૫ના પ્રાથમિક વર્ગો માટે, શાળાકીય વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૭ માટે અમલીકરણ શરૂ કરાયું હતું. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સ્વયંસેવકો ૩–૪ મહિના માટે VBSEના વર્ગ લેશે અને ત્યારબાદ વર્ગશિક્ષકો VBSEનું અમલીકરણ આગળ ચાલુ રાખશે. SMRTI VBSE માર્ગદર્શન પુસ્તકો સંદર્ભ તરીકે લેવામાં આવ્યા હતા અને દરેક વર્ગમાં, વર્ગશિક્ષકની સાથે VBSEનો સ્વયંસેવક, એક નિરીક્ષક તરીકે રહેતો હતો.

ઉદાહરણો અને પ્રવૃતિઓ વડે વર્ગોને રૂચિકર બનાવવામાં આવ્યા હતા. બાળકોને જાતે રજૂઆત કરવાની તક આપવામાં આવી હતી, જેનો તેમણે ઘણો આનંદ ઉઠાવ્યો હતો. ચાર મહિના પછી, વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલા "વેલ્યુબેઝડ સાયન્સ એગ્ઝીબીશન –મૂલ્ય આધારિત વિગ્નાન પ્રદર્શન" પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ એમના માતા પિતા અને શિક્ષકો સમક્ષ ઘણા વિષયો દર્શાવ્યા હતા. તે સાથે પ્રવૃતિ પૂરી કરવામાં આવી હતી.




એ પછીના શાળાકીય વર્ષ, ૨૦૦૭, ૨૦૦૮માં, VBSEનું અમલીકરણ, ધોરણ ૬થી ૧૦ના વર્ગ માટે, લગભગ ત્રણ મહિના માટે કરવામાં આવ્યું હતું. દરેક વર્ગમાં શિક્ષક સાથે VBSEનો સ્વયંસેવક પણ હાજર રહેતો, જેનું કામ નિરીક્ષણનું હતું. વર્ગશિક્ષકને કહેવામાં આવ્યું હતું કે સ્વયંસેવક થોડો સમય વર્ગ લઈ લે, તે પછીના સમયનો વર્ગ શિક્ષકે લેવાનો રહેશે, જેથી શિક્ષકને તાલીમ મળે. વર્ગની ખાસ વિશેષ વાત એ હતી કે વિદ્યાર્થીઓ ભાતભાતની પ્રવૃતિઓની સાથોસાથ નિખાલસપણે ચર્ચાઓ કરતા હતા.

શૈક્ષણિક વર્ષને અંતે વાલીઓ માટે એક ખાસ કાર્યક્રમ ગોઠવવાની યોજના કરવામાં આવી છે કે જેથી તેમને તેમની શાળામાં ચાલતા આ કાર્યક્રમની જાણ થાય.

– તુલસી અરોરા, સરોજા શ્રીનિવાસન અને આર.માધુરી, બેંગલોર



## ઓપન હાઉસ સેશન



**ચંદાના ગામ**

ચંદાના ગામમાં ૨૫મી ડિસેમ્બર ૨૦૦૭ના રોજ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. ચંદાના ગામ રાયપુરથી ૧૪૦ કી.મી દૂર છે. આ ગામ ઘણે દૂર આવેલું છે અને તેમાં એકપણ અભ્યાસી નથી. આ કાર્યક્રમમાં ૪૦ લોકોએ હાજરી આપી હતી અને તેમાંથી ૩૯ જણા પધ્ધતિમાં જોડાયા હતા.

૨૫મી ડિસેમ્બર ૨૦૦૭ના રોજ બસના ગામમાં એક નાનું



સંમેલન રાખવામાં આવ્યું હતું. બસના ગામ ચંદાનાથી ૨૦ કિ.મી. દૂર છે. અહીં ૮ લોકો ભેગા થયા હતા અને તેમાંથી ૬ જણા પધ્ધતિમાં જોડાયા હતા.

**બિલાસપુર સેન્ટર**

બિલાસપુર સેન્ટરમાં ૧લી ડિસમ્બર ૨૦૦૭ના રોજ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૪ લોકો હાજર રહ્યા હતા. ઓપન હાઉસ પછી ૬ જણ પધ્ધતિમાં જોડાયા હતા.

**રજામ:** રજામ વિશાખાપટનમ પાસે છે. સ્થાનિક વકીલો માટે ઓપન હાઉસની યોજના કરવામાં આવી હતી. લગભગ ૪૫ વકીલોએ ભાગ લીધો હતો.

**થુની:** થુની વિશાખાપટ્ટનમની પાસે છે. અહીં ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક વેપારીઓ સાથે ૬૦ જણે ભાગ લીધો હતો.

**કુર્નુલ:** સ્થાનિક એન્જીનીયરીંગ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮૦થી વધારે લોકોએ તેમાં ભાગ લીધો હતો.

**મંદામરી:** યુવાનો માટે ઓપન હાઉસ રાખવામાં આવ્યું હતું. તેમાં ૪૩ લોકોએ ભાગ લીધો હતો.

**કરીમનગર:** સીર્સીલ્લા મંડલના રગડુમાં ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૫ ગ્રામીણજનોએ ભાગ લીધો હતો.

**ગોદાવરીખની:** સ્થાનિક શિક્ષકો માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૨૦ શિક્ષકોએ ભાગ લીધો હતો.

**અનંતપુર:** સંઘમિત્રા પીકનીક સેન્ટરમાં પબ્લીક મીટીંગ રાખવામાં આવી હતી. તેમાં ૨૦થી વધારે લોકોએ ભાગ લીધો હતો.

## ડોક્ટર (ફક્ત એલોપથી) સ્વયંસેવકો માટે વિનંતી

*બાબુજી મેમોરિયલ આશ્રમ, મણપક્કમ, ચે ન્નાઈ ખાતે વિનામૂલ્યે ચાલતું મેડિકલ સેન્ટર*



વિનામૂલ્યે ચાલતું મેડિકલ સેન્ટર ૧૯૯૯થી કાર્યરત છે. અને ૧૪મી જાન્યુઆરી ૨૦૦૫થી તેને નવા એડમીનીસ્ટ્રેટીવ બ્લોકના વિશાળ વિભાગમાં લઈ જવામાં આવ્યું છે. આ સેવા ફક્ત આપણા અભ્યાસીઓને માટે જ ઉપલબ્ધ નથી પણ મણપાક્કમની આજુબાજુના લોકો, જેમને સેવાની જરૂર છે, તેમને આ સેવા પૂરી પાડવામાં આવે છે. અમે રોજના લગભગ ૧૦૦ દર્દીઓ તપાસીએ છીએ.

વિનામૂલ્યે ચાલતા આ મેડિકલ સેન્ટર માટે અમારે કાયમી સ્વયંસેવકોની જરૂર છે. ઉપરોક્ત કાર્ય માટે ત્યાં કાર્યક્રમ રાખવામાં આવશે જેમાં સ્વયંસેવકોને FMCની કામગીરીનું પાયાનું શિક્ષણ આપવામાં આવશે, જે કદાચ આખરે તેમના પોતાના સેન્ટર માટે તેમને ઉપયોગી થશે. વ્યવસાયિકોને પડતી વ્યવહારિક મુશ્કેલીઓને અનુકૂળ બનવા અમે નક્કી કર્યુ છે કે તેઓ અહીં આવીને રહી શકે છે અને ઓછામાં ઓછા ૧૫ દિવસ અને વધારેમાં વધારે એક મહિનો, તેમની વ્યવસાયિક સેવા આપી શકે છે.

સ્વયંસેવકો માટે નીચેની આવશ્યકતાઓ જરૂરી છે:

૧ તેઓ ઓછામાં ઓછા બે વર્ષથી સહજ માર્ગનો અભ્યાસ કરતાં હોવાં જોઈએ.
૨. તેઓ આશ્રમમાં જ રહેવાની ઈચ્છા ધરાવતા હોવા જોઈએ અને મુસાફરીનો ખર્ચ તેમણે પોતે ભોગવવાનો રહેશે.
૩. દરેક મહિનાને બે ભાગમાં વિભાજીત કરવામાં આવશે અને ઈચ્છુક સ્વયંસેવકોએ એમની પસંદગી દર્શાવવાની રહેશે. તે સાથે તેમણે ટૂંકો બાયોડેટા આપવાનો રહેશે, જેમાં તેમણે તેમનું નામ, સરનામું, લાયકાત, સંપર્કની માહિતી, ઈમેલ એડ્રેસ, અને વ્યવસાયના અનુભવનો સમાવેશ કરવાનો રહેશે.
૪. તમારી પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તમે તમારા રોકાણના સમય દરમિયાન, આશ્રમ મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ કામ કરશો અને ફક્ત ફ્રી મેડિકલ સેન્ટરમાં જ સ્વયંસેવકનું કામ કરશો.
૫ કૃપા કરીને તમે કઈ તારીખ દરમિયાન તમારી સ્વયંસેવા આપવાનું વિચારો છો, એનો ઉલ્લેખ અરજી સાથે જરૂર કરશો. જેમ કે, મહિનાના પહેલા પંદર દિવસ કે મહિનાના બીજા પંદર દિવસ.

આ કાર્યક્રમ અમે ૧લી એપ્રિલ ૨૦૦૮થી શરૂ કરવાની ઈચ્છા ધરાવીએ છીએ. તમારી બધી જ પૂછપરછ/જવાબ/અરજી નીચે જણાવેલા સરનામા પર, બને એટલા જલદી મોકલી આપશો.

ડો.યુ.રાઘવન
કો-ઓર્ડીનેટર, ફ્રી મેડિકલ સેન્ટર
બાબુજી મેમોરિયલ આશ્રમ, મણપાક્કમ, ચે ન્નાઈ-૧૧૬.
ફોન:૪૨૧૭૧૧૧૧/૯૩૮૨૮૭૭૯૭૪ (m)
ઈમેલ:druravindran@gmail.com

"કાર્ય ક્યારેય આપવામાં આવતું નથી. હું તો માનું છું કે એ લેવામાં આવે છે. કાર્ય કરવાનાં રહસ્યોમાંનું આ એક રહસ્ય છે. મેં ક્યારેય જાણ્યું નથી કે ગુરુજીએ ક્યારેય કોઈને બોલાવીને કોઈ કામ સોંપ્યું હોય. પણ જ્યારે પણ કોઈ, કંઈ કાર્ય કરવાની સ્વેચ્છા દર્શાવે, ત્યારે મારા ગુરુજી તેને કામ આપતા અને એ કરવાની ક્ષમતા પણ આપતા. જો સેવા કરવામાં એની રુચિ દર્શાવવાનું ચાલુ હોય, તો તેને વધારે ને વધારે મહત્ત્વનું કામ સોંપવામાં આવતું હતું.
હું ફરી ફરીને કહું છું કે કાર્યનું રહસ્ય આ છે, ખાસ કરીને આધ્યાત્મિક ક્ષેત્રમાં તો આ જ છે!"
પી.રાજગોપાલાચારી
સ્પીરીચ્યુઅલ ફ્લેમ, સ્પાઈડર્સ વેબ, વોલ્યુમ ૨, પાન-૩૪૧.

## વસંતની ઉજવણી

દેશના બધા જ કેન્દ્રો અને ઉપકેન્દ્રોમાં ખૂબ જ ભક્તિ, પ્રેમ અને શ્રધ્ધાપૂર્વક આદિગુરુ પૂ.લાલાજી મહારાજનો જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો. ઘણાં રાજ્યો, જેમ કે ઓરિસ્સામાં બધાં જ અભ્યાસીઓએ એક જ સ્થળે એકત્રિત થઈને જન્મદિવસ ઉજવ્યો હતો. એવી જ રીતે દેશના ઘણા મોટા રાજ્યોમાં, ઘણાં જિલ્લાના અભ્યાસીઓ આ ઉત્સવ ઉજવવા એક જ સ્થળે એકત્રિત થયા હતા.

ઉત્સવના દિવસે સવારે અને સાંજે સત્સંગ ખાસ વિશેષ રહ્યો હતો. સવારના સત્સંગ પછી વિશેષ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા, જેમાં લાલાજી મહારાજના જીવન પર વકતવ્યો, 'હી, હુકા એન્ડ આઈ"ની સીડી બતાવવી, ભજનો, વગેરે. બીજે દિવસે રવિવાર હોવાથી, ઘણી જગ્યાઓએ ઉત્સવને બીજા દિવસ સુધી લંબાવાયો હતો.

ઉત્તર પ્રદેશના ગોલા ગોકનાથમાં આશ્રમના રસોડાને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ઉત્સવ પછીના બે દિવસ બેઝીક અભ્યાસી ટ્રેનીંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૪૨ કેન્દ્રોના ૪૦૦ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. ટ્રેનીંગ કાર્યક્રમમાં ભાગ લેનારાઓ તરફથી ઉષ્માસભર પ્રતિભાવ મળ્યો હતો અને તેમની પ્રશંસાજનક પ્રતિક્રિયાઓ મળી હતી.

વસંત ઉત્સવ વખતે, ઈન્દોર કેન્દ્રે આજુબાજુના ઉપકેન્દ્રો, જેવાં કે મહાઉ, દેવાસ, નર્મદાનગર, સનવેર, ધાર અને માન્ડુ માટે યજમાનની ભૂમિકા ભજવી હતી. સત્સંગમાં આશરે ૫૦૦ અભ્યાસી ભાઈબહેનો હાજર રહ્યા હતા. ચાના વિરામ બાદ, સેન્ટરનાં બાળકોએ મીરાંના જીવન પર આધારિત સંગીતનાટિકા રજૂ કરી હતી.

આ પવિત્ર દિવસે, ઉત્સવ માટે ભેગા થયેલા અલગ અલગ કેન્દ્રના અભ્યાસીઓએ વિશિષ્ટ વાતાવરણનો અનુભવ કર્યો હતો, જાણે કે તેઓ એક દિવ્ય છત્રીની નીચે ન હોય! ઉત્સવમાંથી છૂટા પડતી વખતે, અભ્યાસીઓએ આપણા પ્રેમાળ ગુરુજી પ્રત્યે કૃતજ્ઞતાની લાગણીનો અનુભવ કર્યો હતો.

વિકલ્પ, શેખર રોય, પ્રભાતકુમાર.

## પૈઠણ કેન્દ્ર – મેડિટેશન હોલ

પૈઠણ(પહેલાનું પ્રતિષ્ઠાના) SRCM સેન્ટરના વિકાસ માટે ૧લી ફેબ્રુઆરી ૨૦૦૮, એક અગત્યનો દિવસ હતો. એ દિવસે એક અભ્યાસી ભાઈના ઘરમાં ધ્યાન માટેની જગ્યાનું ઉદઘાટન થયું હતું.



પૈઠણ એક નાનું શહેર છે. તે મહારાષ્ટ્રમાં ગોદાવરી-કિનારે આવેલા ઔરંગાબાદથી ૫૬ કિ.મી. દક્ષિણે આવેલું છે. પૈઠણ ફક્ત એક ઐતિહાસિક નગર જ નથી પણ ઘણાં સંતોથી કૃપાપાત્ર થયેલી ભૂમિ પણ છે. સદીઓ પહેલાં, પ્રખ્યાત મરાઠી સંત કવિ એકનાથ ત્યાં રહેતા હતા અને સંત ભાનુદાસ અને મુક્તેશ્વરનું જન્મસ્થળ પણ આ શહેર જ છે.

પૈઠણનું સૌથી નજીકનું રેલવે સ્ટેશન અને એરપોર્ટ ઔરંગાબાદ છે. ઔરંગાબાદ, પૈઠણ જવાના રસ્તા સાથે જોડાયેલું છે. મેડિટેશન હોલ શહેરના મધ્યવિભાગથી એક કિલોમીટર દૂર છે. આ હોલમાં લગભગ ૮૦ અભ્યાસીઓનો સમાવેશ થઈ શકે છે. મહારાષ્ટ્રના ઝોન-ઈન-ચાર્જ ભાઈ શ્રી એસ.વી.વૈદે હોલમાં પહેલો સત્સંગ કરાવ્યો હતો. સત્સંગ પછી આપવામાં આવેલા વકતવ્યોનો વિષય હતો, કેન્દ્રના વિકાસમાં અભ્યાસીનો ફાળો.
તેમણે આશા દર્શાવી કે ભવિષ્યમાં ત્યાં 'સહજ નગર'નો વિકાસ થાય.

## નવી દિલ્હી ખાતે સેવાશ્રમમાં યુથ વર્કશોપ

૧૨મી જાન્યુઆરીના દિવસે નવી દિલ્હી સેન્ટરના યુવાનો માટે "આંતરિક જાગૃતતા" પર એક દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. માનવજીવનમાં આધ્યાત્મિકતાની આવશ્યકતા અને કાબેલ ગુરુ દ્વારા કરવામાં આવતી આંતરિક જાગૃતતા, એ વિષય પરના વકતવ્યથી વર્કશોપની શરૂઆત થઈ હતી. વર્કશોપના વિષયો હતા, ગુરુજી મૂક ક્રાંતિ સર્જે છે, તેઓ આપણાં હૃદયનું પરિવર્તન લાવે છે તેમ જ આપણા ચારિત્ર્યને વિકસાવવાની આપણી પ્રાથમિક જવાબદારી સમજવામાં પરિવર્તન લાવે છે.

અભ્યાસીઓ જુદા જુદા જૂથમાં વહેંચાઈ ગયા હતા. અને દરેક જૂથે એમને આપેલા વિષય પર એમના વિચારો વ્યક્ત કર્યા હતા. ટ્રેઝરહન્ટ પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સહજમાર્ગ પરની ક્વીઝ, એ વર્કશોપનો બીજો રુચિકર હિસ્સો હતો. આખો કાર્યક્રમ જુસ્સો પૂરો પાડનારો હતો અને દિલ્હીના યુવાનો માટે સારું શીખવા માટે અનુભવ પૂરો પાડતો હતો.

વિજયા વિત્તલ, નવી દિલ્હી

## સેન્ટર્સ ઓફ લાઈટ –બાબુજી મેમોરિયલ આશ્રમ કોલકાતા

"મિશન એની પાંખો ચોમેર ફેલાવી રહ્યું છે અને આ આશ્રમ તો ફક્ત કલગીનું એક પીછું છે. મોટી અને ભવ્ય ઈમારતો જો યોગ્ય રીતે જીવંત ન હોય તો તેનું સ્થાપત્યકલાનું સૌંદર્ય, ખોખલી ઈંટો જેવું અને ઉપરછલ્લું છે. આશ્રમને એવી જગ્યા બનાવવી જોઈએ કે જ્યાં આપણને આશ્રય મળી શકે અને જ્યાં ઉચ્ચતમ સાથે સંપર્ક સાધવાનો પ્રયત્ન કરતાં આત્માને શાંતિ મળી શકે."

આ શબ્દો ભાઈ શ્રી અજય ભટ્ટરે કોલકાતાના બાબુજી મેમોરિયલ આશ્રમના ઉદઘાટન વખતે કહ્યા હતા. સિમેન્ટ અને ઈંટોની જેમ, અગણિત અભ્યાસીઓના પ્રેમ અને ભક્તિથી એને બાંધવામાં આવ્યો છે. આ આશ્રમની આધારશીલા પૂ.ગુરુજીએ ૧૭મી માર્ચ ૨૦૦૨માં રાખી હતી. પરંતુ આશ્રમનું વાસ્તવિક કાર્ય તો ૧૫મી નવેમ્બરથી જ શરૂ થઈ ગયું હતું અને ૨૫મી ડિસેમ્બર ૨૦૦૩માં ઉદઘાટન કરવાના નિર્ધારિત સમય કરતાં ઘણું પહેલાં પૂરું થઈ ગયું હતું.



આશ્રમ, શહેરની પશ્ચિમે, રૂબી હોસ્પીટલની પાછળ આવેલો છે. એ એરપોર્ટથી લગભગ ૨૧ કિ.મી. અને સ્ટેશનથી લગભગ ૧૮ કિ.મી. દૂર આવેલો છે.

લગભગ ૪૮,૦૦૦ ચો.ફૂટના વિસ્તારમાં બાંધેલા આશ્રમમાં બે બીલ્ડીંગ બ્લોક છે, જેમાં નીચેના માળે વ્યવસ્થા માટેના એડમીનીસ્ટ્રેટીવ રૂમો, રસોડુ અને રસોડાની સામે જમવાનો હોલ છે. ઉપરના માળે અભ્યાસીઓ માટેના રૂમ અને





સુંદર માસ્ટર્સ કોટેજ અને ભવ્ય મેડિટેશન હોલ છે. મેડિટેશન હોલની નીચે અભ્યાસીઓ માટે ડોરમેટરીઝ આવેલી છે અને બીજો એક જુદો બ્લોક ભાઈઓ અને બહેનો માટે ટોઈલેટ માટેનો છે. જોકે બીજા આશ્રમોની સરખામણીમાં કોલકાતા આશ્રમનો વિસ્તાર બહુ વિશાળ નથી. પણ સમજદારીપૂર્વક કરાયેલી આ ઈમારતોની આજુબાજુની હરિયાળી લોન તેને સુંદરતા બક્ષે છે અને લોનના એક ભાગમાં બાળકોને રમવા માટેની જગ્યા બનવાની છે જેમાં લપસણી, હિંચકા અને બાસ્કેટબોલ રમવા માટે મેદાન થશે!

મેડિટેશન હોલના બે પ્રવેશદ્વાર છે. એકમાં પગથિયાં છે. બીજામાં ઢોળાવવાળો રેમ્પ છે. એ પ્રતીક છે માર્ગનો, મિશનના એમ્બલેમ પર દર્શાવેલા માર્ગનો(સહજ માર્ગ), જે મુશ્કેલીઓ અને અવરોધોના પર્વતોને કાપીને આપણે ઉચ્ચતમ બિંદુ પ્રાપ્ત કરીએ ત્યાં સુધી દરેક પગથિયે ઉપર લઈ જાય છે.

માસ્ટર્સ કોટેજ ઘણી જ અભિરુચિ લઈને બનાવવામાં આવી છે. પહેલા માળે ગુરુદેવના બેડરૂમને અડીને વિશાળ વરંડો છે. પૂ.માસ્ટર ઘણી વાર કોટેજની સામે જમવાના હોલ તરફના વરંડાની બહાર બેસે છે ત્યારે કોટેજની નીચે રાહ જોતા અભ્યાસીઓ ખુશ થઈ જાય છે અને પૂ.માસ્ટર ત્યાંથી અભ્યાસીઓ સાથે વાતો કરે છે.
તાજેતરમાં મેડિટેશન હોલની નજીક લોનમાં પૂ.બાબુજી મહરાજની આરસપહાણની પ્રતિમા મૂકવામાં આવી છે. મહાન ગુરુદેવ બાબુજી મહારાજની પ્રેમાળ યાદમાં આ આશ્રમ બાંધવામાં આવ્યો છે અને આપણા વ્હાલા માસ્ટર દ્વારા યોગ્ય અંજલિરૂપે પૂ.બાબુજીને તે અર્પણ કરવામાં આવ્યો છે.

પૂ.માસ્ટરના શબ્દોમાં, "વાસ્તવિક દર્શનિય એવા આ કોલકાતાના આશ્રમથી આપણું મિશન સમગ્ર પૃથ્વી પર, ક્યારેય ન છુપાવી શકાય તેવી મશાલ બની હંમેશાં ઝળહળતું રહેશે.

આ ન્યુઝલેટર ઈમેલ દ્વારા મેળવવા માટે વેબસાઈટ પર જાઓ: **http://www.srcm.org/centers/as/in/newsletter/index.jsp**
આપના પ્રતિભાવો, સૂચનો અને સમાચાર, લેખ મોકલવા મહેરબાની કરીને ઈમેલ કરો: **in.newsletter@srcm.org**

© ૨૦૦૮ શ્રી રામચંદ્ર મિશન ("SRCM"). સર્વ હક્ક સ્વાધીન.
"શ્રી રામચંદ્ર મિશન", "સહજ માર્ગ", "SRCM", "કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ" અને મિશનનું પ્રતીક, શ્રી રામચંદ્ર મિશનના રજીસ્ટર્ડ ટ્રેડમાર્કસ છે.
વિષય માટે આ સંદેશમાં સુધારા કરી શકાય. તે માત્ર SRCMનાં સભ્યો માટે જ ઉપલબ્ધ છે.